૧ જીવનની ભેટ | બીજા વર્ષની

પવિત્રતાને પંથે

યાને

અઢાર પાપસ્થાનકમાંથી નિવૃત્ત થવાનો માર્ગ.

લેખક

મણિલાલ. ન. દોશી. બી. એ.

પ્રકાશક.

મોતીલાલ લાધાજી

અધિપતિ જૈન જીવન. પુના.

જૈન જીવનની ભેટ　　　　　　　　　　　　　　બીજા વર્ષની

પવિત્રતાને પંથે.

યાને

અઢાર પાપસ્થાનકમાંથી નિવૃત્ત થવાનો માર્ગ.

લેખક:

શ્રીયુત મણિલાલ નથુભાઇ દોશી. બી. એ.

પ્રકાશક:

મોતીલાલ લાધાજી.

અધિપતિ "જૈનજીવન." પુના.

આવૃત્તિ ૧લી　　　સન ૧૯૨૭　　　પ્રત ૧૫૦૦

મુલ્ય—એક રૂપીઓ.

શ્રી સૂર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં મૂળચંદભાઈ ત્રીકમલાલે છાપ્યું.
ઠેકાણું:—પાનકોર નાકા—**અમદાવાદ.**

બે બોલ.

પવિત્રતા એ આત્માનો સ્વભાવ છે. સત્ય, પ્રેમ, દયા, મૈત્રી, પરોપકાર એ આત્માના સ્વાભાવિક ગુણો છે. આત્મા પોતાની શક્તિ, જ્ઞાન અને પ્રેમ જગતમાં પ્રકટ કરવા માગે છે. પણ તે પ્રકટ કરવામાં કેટલીક અસ્વાભાવિક–વિભાવિક વૃત્તિઓ નડે છે, અને તે અસ્વભાવિક વૃત્તિઓ તે પાપસ્થાનકો છે. જીવાત્મા પોતાનું સત્ય સ્વરૂપ ભૂલી જઇ રાગદ્વેષ અને કષાયોને વશ થઇ અહંકાર અને મમત્વ ભાવથી પ્રેરાઇને પોતાના સ્વભાવને અનુચિત એવાં અનેક પાપકર્મો આચરે છે, તેને જૈનશાસ્ત્રકારોએ અઢાર વિભાગમાં વ્હેંચી નાખ્યા છે, અને તેમને પાપસ્થાનકો એવું નામ આપ્યું છે. તે પાપસ્થાનકોનું સ્વરૂપ શું છે, તેના કેવા માઠા પરિણામ આવે છે, અને તેમાંથી બચવાને કેવા પ્રકારના વિચારો તથા વર્તન રાખવું એ આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે.

જેમ સર્પનું ઝેર ઉતારવાને તે ઉતરે નહિ ત્યાંસુધી પુનઃ પુનઃ એજ મંત્ર બોલવામાં આવે છે, પણ તે પુનરુક્તિ દોષ ગણાતો નથી તેમ પરપરિવાદ, પૈશુન્ય, અભ્યાખ્યાન વગેરે એક સરખા લાગતા દોષો સંબંધી વિવેચન કરવામાં કોઇ સ્થળે પુનરુકિત થઈ હોય તે ક્ષંતવ્ય ગણવામાં આવશે. એમ આશા રાખવામાં આવે છે.

આપણા આત્મામાં અનંત શક્તિ છે, તેનું આપણને ભાન નથી. આપણે કર્મનો અને કર્મની પ્રકૃતિઓનો બહુ વિચાર કરીએ છીએ. પણ આત્માના એક પ્રદેશમાં અનંત કર્મસમુદાયને તોડવાનું સામર્થ્ય છે, એ બાબત પર વિશેષ લક્ષ આપવાની જરૂર છે. લાંબા સમયનો અંધકાર એક નાની સરખી દીવાસળી નાશ કરી શકે છે, તેમ જો આપણને આત્માની પવિત્રતાનો, શક્તિનો અને પ્રકાશનો ખ્યાલ આવે

જો આપણે તેનું ચિંતન કરીએ, તે અનુભવવા પ્રયત્ન કરીએ તો આપણામાં એટલી બધી શક્તિ સ્ફુરે કે જેના બળથી પાપસ્થાનકરૂપ દોષો આપણે ઘણી ત્વરાથી ટાળી શકીએ. માટે આપણે સ્વભાવે દિવ્ય છીએ, અને દોષો તે આપણા નહિ પણ પ્રકૃતિના છે, એ વિચારનું ચિંતન કરી આ પુસ્તકમાં વર્ણવેલા અઢાર પાપસ્થાનકોથી બચવા વાચકવર્ગ પ્રયત્ન કરશે તેમાં આ પુસ્તકની સાર્થકતા છે.

આ પુસ્તકની હસ્તલિખિત નકલ સાદ્યંત તપાસી યોગ્ય સૂચનાઓ આપવા બદલ શાંતમૂર્તિ સદ્‌ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજીનો આ સ્થળે ખરા હૃદયથી આભાર માનું છું.

વર્તમાન સમયમાં જૈન કોમના વિકાસ અને પ્રગતિ માટે નીડરપણું છતાં વિવેકપૂર્વક પોતાના વિચારો પ્રકટ કરતા "**જૈનજીવન**"ના અધિપતિએ પોતાના ગ્રાહકોને ભેટ આપવા માટે આ પુસ્તકની પસંદગી કરી મને મારા વિચારો સાકાર કરવાની તક આપી તે માટે શા. મોતીલાલ લાધાજીનો ઉપકાર માનું છું.

છેવટે વાચકવર્ગને એજ વિનતિ કે આમાંના દરેક પ્રકરણનું હાર્દ સમજી જે દોષ પોતાનામાં હોય તે ટાળવા પ્રયત્ન કરવો. દોષને ટાળવા માટે દોષનું સ્વરૂપ સમજી લઇ તેની સામેનો સદ્‌ગુણ ખીલવવા પ્રયત્ન કરવો. ક્ષમાનો સદ્‌ગુણ ખીલવવાથી ક્રોધ પોતાની મેળે ચાલ્યો જશે. તેમ સરળતા ખીલવવાથી માયા દૂર થઇ જશે. તેવી રીતે દરેક દોષને ટાળવા તેના વિરોધી સદ્‌ગુણનું જેમ બને તેમ વધારે ચિંતન કરવું અને તે પ્રમાણે વર્તવાને પ્રયત્ન કરવો કે જેથી તે સદ્‌ગુણ સમય જતાં સ્વાભાવિક થઇ જશે.

રતનપોળ, **અમદાવાદ.**
તા. ૧ લી ડીસેમ્બર ૧૯૨૭.

મણિલાલ નથુભાઇ દોશી.

સદ્ગત શેઠ ચીમનલાલ ડુંગરદાસનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

કેટલાંક ફૂલોમાં એવા અદભૂત સૌંદર્ય ભર્યાં હોય કે જીવનભર તેનાં રૂપનાં કટોરા પીધા જ કરીએ તોય તૃપ્તી ન થાય. જેમ જેમ જોઇએ, સુંઘીએ, પીઇએ તેમ તેમ વધારે ને વધારે તૃષા જાગે ! એ સૌંદર્ય, મીઠાશ અને એ સૌરભનાં વિવેચન કલમને સ્પર્શી શકતાં નથી. હૃદય જ એ મીઠાં ભાવો સમજી માણી શકે !

દુનિયામાં અનેક ગુપ્ત રત્નો છુપાયલાં પડયાં હશે. અને જગતની દષ્ટિએ કાંઇ પણ ધમ્માધમ કે ઇમીટેશન ચમકારા માર્યા વગર કાળનાં ગર્ભમાં વિલીન થતાં હશે. આવા અનેક રત્નોમાં એક રત્ન કહો, કે એક ફૂલ, માનવફૂલ તે સ્વ. શેઠ ચીમનલાલ ડુંગરદાસ શાહ:

આજથી ૬૬ વર્ષ પહેલાં સંવત ૧૯૧૮ માં ગુજરાતમાં આવેલા માણુસા ગામમાં વિશા પોરવાડ જ્ઞાતિમાં આ પવિત્ર પુરૂષનો જન્મ થયો હતો. "પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય " એ કહેવત પ્રમાણે તેમના પિતાશ્રી શેઠ ડુંગરદાસ અને માતાજી ન્યાલકોરનાં સરળ અને ધાર્મિક જીવનની તેમનાં પર નાનપણથીજ છાપ પડતી ગઇ, અને ક્રમે ક્રમે વિકાસ થતાં એક સુંદર જીવન ઘડી શકવાને તેઓ ભાગ્યશાળી થયા.

નાનપણમાં વ્યવહારોપયોગી અભ્યાસ પૂરો કરી, પોતાની નબળી પડતી જતી આર્થિક સ્થીતિને સુધારવા કેવળ ૧૬ વર્ષની નાની વયે દેશાટન કરવા તેઓ ગુજરાતની બહાર નિકલી પડયા હતા. ફરતાં ફરતાં સં ૧૯૩૪ ની સાલમાં પુનામાં આવીને તેમણે નાનામાં નાની પાયરીથી નોકરીની શરૂઆત કરી:

જીવનમાં મહત્વાકાંક્ષા કેવો જબરજસ્ત ભાગ ભજવે છે, એનું આ એક જીવતું દ્રષ્ટાંત છે, કે ચીમનલાલ શેઠના દિલમાં હલકામાં હલકી નાની નોકરી કરતી વખતે પણ ભવિષ્યની પ્રચંડ મહત્વા

કાંક્ષા જાગતી હતી, અને તેના જોરેજ તેઓ ઉંચી પાયરીએ પહોંચી શક્યા હતા.

સં ૧૯૫૩ માં નોકરી છોડી, ઘરનો વેપાર શરૂ કર્યો. અને સતેજ બુદ્ધિબળ, પ્રમાણિકતા, માયાળુ સ્વભાવ, નિરભિમાન વૃત્તિ અને જીવનની સાદાઇથી તેમણે વેપારમાં વિકાસ સાધી એક પછી એક, એમ કરતાં પાંચ પેઢીઓ આસપાસનાં જીલ્લામાં જમાવી. આ તેમનો જેવો તેવો પુરૂષાર્થ ન કહી શકાય.

દરમિયાન તેમનો ધાર્મિક અભ્યાસ વધતો ગયો. અનેક સંત પુરૂષોનાં સમાગમ સેવ્યા: જીવનને ભવ્ય ને ઉન્નત કરનારા અનેક પવિત્ર ગ્રંથો વાંચ્યા, અને ઉંચા વિચારો તથા રહેણી કરણીથી જીવનને સતેજ બનાવતા ગયા.

તેમના જીવનને આદિથી અંત સુધી ઉજળું રાખવાની કાળજી ખરેખર પ્રશંસનીય કહી શકાય. જગતનાં દેખાવો, આડંબરો, દંભો, ધાંધલો, અને દુનિયામાં ઠગવાનાં અનેક મોહામણાં બહુરૂપીઓથી તેઓ સદાય ચેતતા રહેતા.

ધાર્મિકતાની કેવળ વાતો કરી ઠગનારાં આજનાં આ જગત વચ્ચે ધાર્મિક જીવન ' જીવી ' બતાવનાર આવા પવિત્ર પુરૂષો બહુજ વિરલ છે !

ધાર્મિક અને વ્યવહારીક ટેક, સત્ય ભાખવાની નિશ્ચળતા, અને બની શકે ત્યાં સુધી કોઇને લેશમાત્ર દુઃખ ન થાય તેવાં વચનો ઉચ્ચારી પોતાનું શુદ્ધ ને નીતિમય જીવન વહાવતા રહ્યા. આ પ્રમાણે તેમના સરળ અને નિર્દોષ જીવનની સાક્ષી આજ પણ અનેક મનુષ્યો મુક્તકંઠે તેમની પ્રશંસા કરી રહ્યાં છે.

પુરૂષાર્થી પ્રાપ્ત કરેલા પૈસાનો સંઘરો કરવામાં તેમણે ડહાપણ નહોતું માન્યું. પરંતુ તેમણે છૂટે હાથે પુણ્યદાન કરીને જ જીવનની સાર્થકતા સમજી લીધી. દરેક તીર્થમાં વિવિધ રૂપે તેમનાં પૈસાનો સદ્‌વ્યય થયો–થાય છે. કેંક સ્થળે ભાતા વહેંચાવ્યા. ઘી, કેસર ને ફૂલની તીથીઓ બાંધી. પરબડીઓ, દેરાસર, ઉપાશ્રય બંધાવ્યા. ઉપરાંત અનેક ખાતાંઓને ધર્મનો જરાયે ભેદભાવ રાખ્યા વગર મદદ કરી ! આ બધી તેમના મૃત્યુ પછીની મીઠી સ્મૃતિઓ છે.

સાધુ, સાધ્વીને જોઇ તેઓ ગાંડા અને,ભક્તિથી તેમની જરૂરીઆતો પુરી પાડે, અને પોતાના મહાન આત્માની આદર્શમય પ્રવર્તીઓથી જગતને પરીચીત કરતાં ગયાઃ ......

તેમના સમાગમમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ પર તેમના પવિત્ર હૃદયની છાપ પડતી અને દુઃખીઓને માટે તેમનાં દિલમાં થતો વલવલાટ જોઇને તો આપણને નમન કરવાનું મન થઇ જાય, એવા આવા જન્માવતા !

પરંતુ મેમાન ને મેહ ક્યાં સુધી ! મનુષ્ય જાતિનાં આ એક મેહમાને પોતાની કળા સંકોરવા માંડી. અને ક્રમે ક્રમે સંકોરતા આખરે પોતાની માતૃભૂમિમાં આવી સં. ૧૯૮૩ માં ભાદરવા વદી ૯ ને સોમવારનાં પ્રભાતે છેલ્લા પ્રાણ છોડ્યાઃ સદાની સમાધી સાધીઃ

આહા ! મૃત્યુ સમયની તેમની ભાવના કેવી મનોહર હતી ! દેવદર્શન, સ્તવન અને સજ્જાય ગાતાં ગાતાં હસતાં મુખે બીજી દુનિયામાં ઉપડવાની તૈયારી કરતાં વીતરાગ પ્રભુનું નામ લેતાં જેમણે જેમણે તેમને જોયાં હશે, તેમણે તેમણે તેમનાં આખા જીવનનો આંક હૃદયમાં જરૂર ઉતાર્યો હશે !

અંત સમયે મનુષ્ય પ્રભુનું નામ ત્યારેજ લઇને આનંદે છે, કે જ્યારે સારૂંય જીવન પ્રભુમય વિતાડયું હોય ! પરંતુ મનુષ્ય મરે છે, ને સ્મૃતિ મૂકતો જાય છે.

તેમજ આપણે તે જીવાત્માની સંપૂર્ણ શાન્તિ ઇચ્છી તેમનાં ઉજળાં કર્યો અને પવિત્ર જીવનની સ્મૃતિ તાજી કરી તેમના સુપુત્ર શેઠ ચંદુલાલ ચીમનલાલ તથા તેમનાં સુશીલ ધર્મ પત્નિ માણેકબાઈ તેમના નામને વધારે ઉજળું કરી, તેમની માફક પોતે પણ કાંઇક અમૂલ્ય પ્રસાદીઓ જગતને ધરતા રહે, એમ ઇચ્છીશું

પુના.
આગશીર્ષ સુદ ૨
સંવત. ૧૯૮૪

...... **મોતીલાલ લાધાજી**

તંત્રી. જૈન જીવન.

વિષયાનુક્રમણિકા.

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.
પ્રકરણ ૧ લું	પ્રાણાતિપાત વિરમણ	૧
પ્રકરણ ૨ જું	મૃષાવાદ વિરમણ	૧૩
પ્રકરણ ૩ જું	અદત્તાદાન વિરમણ	૨૦
પ્રકરણ ૪ થું	મૈથુન વિરમણ	૨૫
પ્રકરણ ૫ મું	પરિગ્રહ વિરમણ	૩૩
પ્રકરણ ૬ ઠું	ક્રોધ વિરમણ	૪૨
પ્રકરણ ૭ મું	માન વિરમણ	૫૦
પ્રકરણ ૮ મું	માયા વિરમણ	૫૮
પ્રકરણ ૯ મું	લોભ વિરમણ	૬૩
પ્રકરણ ૧૦ મું	રાગ વિરમણ	૭૧
પ્રકરણ ૧૧ મું	દ્વેષ વિરમણ	૭૯
પ્રકરણ ૧૨ મું	કુલહ વિરમણ	૮૬
પ્રકરણ ૧૩ મું	અભ્યાખ્યાન વિરમણ	૯૨
પ્રકરણ ૧૪ મું	પૈશુન્ય વિરમણ	૯૮
પ્રકરણ ૧૫ મું	રતિઅરતિ વિરમણ	૧૦૨
પ્રકરણ ૧૬ મુ	પરપરિવાદ વિરમણ	૧૦૭
પ્રકરણ ૧૭ મું	માયા મૃષાવાદ વિરમણ	૧૧૩
પ્રકરણ ૧૮ મું	મિથ્યાત્વશલ્ય વિરમણ	૧૧૮

પવિત્રતાને પંથે

અથવા

અઢાર પાપસ્થાનકોમાંથી નિવૃત્ત થવાનો માર્ગ.

પ્રકરણ ૧ લું.

પ્રાણાતિપાત વિરમણ.

જીવમાત્ર સુખને શોધે છે. જ્યાં સુધી આત્માને પોતાના ખરા સ્વરૂપનો અનુભવ ન થાય, ત્યાંસુધી તેને કદાપિ ખરી શાન્તિ મળી નથી અને મળવાની નથી. આત્મા પોતે જ્ઞાન સ્વરૂપી છે. તેનામાં અનંતજ્ઞાન, અનંતશક્તિ અને અનંત આનંદ રહેલો છે. તે આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપે જગતના તમામ પદાર્થોને–તે પદાર્થોના ગુણ અને પર્યાયો સહિત–જાણે છે અને અનુભવે છે. તે બાહ્ય પદાર્થોને તેમજ પોતાના શરીરોને સાધનો તરીકે વાપરે છે, પણ પોતે પોતાના સ્વરૂપમાંજ આનંદ માને છે. ઇન્દ્રિયોના આવેશો અને મનના વિચારો રૂપી તરંગો તેના પગ આગળ આવીને ભલે અથડાય પણ તે તો પોતાના ઉચ્ચ સ્વભાવરૂપ ખડક ઉપર સ્થિર રહે છે. કારણકે ઇન્દ્રિયો તથા મનને બળ આપનાર પણ પોતેજ છે; માટે જ્યાં આત્મા પોતાનું બળ ખેંચી લે

છે, ત્યાં મન તથા ઇન્દ્રિયો શિથિલ બની જાય છે, અને તે આત્માપર પોતાનો પ્રભાવ દર્શાવી શકતી નથી. આત્મા તો ઇન્દ્રિયો, મન અને વાસનાઓનો સેવક નહિ પણ સ્વામી છે. આત્માના બળનો શો ખ્યાલ આપી શકાય? શ્રીમાન્ શુભચંદ્રાચાર્યે જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે,

अहोऽनंत वीर्योऽयमात्मा विश्वप्रकाशकः ।
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥

આ વિશ્વને પ્રકાશ આપનાર આત્મા અનંત શક્તિવાળો છે, તે પોતાની ધ્યાનશક્તિના પ્રભાવથી ત્રણ ભુવનને હલાવવા સમર્થ છે. આ આત્મશક્તિને દેવો અને અસુરો પણ વશ થાય છે, તો પછી સામાન્ય મનુષ્યો અને પશુઓની તો વાતજ શી? આ આત્મશક્તિ આગળ મોટા મોટા નરેન્દ્રો અને ચક્રવર્તીઓ પણ નમી પડે છે. આત્માનું પ્રેમસ્વરૂપ જ્યારે પ્રકટ થાય છે, ત્યારે તે સ્વરૂપ પ્રકટ કરનારની સમીપમાં આવનારા વિરોધીઓનો વિરોધ ટળી જાય છે, એટલુંજ નહિ પણ સ્વભાવથી વિરોધી પશુઓ પણ પોતાનો વૈરભાવ ટાળી શાન્ત થઈ જાય છે. તેના પ્રેમની પ્રભા આગળ વૈર વિરોધનું વાદળ ટકી શકતું નથી. તે આત્મા પોતાના જ્ઞાનબળ વડે ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળના બનાવોને હસ્તામલકવત પોતાની દૃષ્ટિ સમીપ એકજ સમયે જોઇ શકે છે. તેના શુદ્ધ હૃદયમાં દરેક બાહ્ય વસ્તુનું પ્રતિબિંબ પડે છે, અને તેથી કોઇ પણ જાતના પ્રયાસ સિવાય તે સર્વ પદાર્થો અને બનાવોને જોઈ શકે છે, જાણી શકે છે, અને અનુભવી શકે છે. વળી

પ્રબુદ્ધ આત્મા સ્વસંતુષ્ટ હોવાથી પોતાના સુખ વાસ્તે તેને બહારના પદાર્થો કે મનુષ્યો પર આધાર રાખવો પડતો નથી. મનુષ્યોને પોતાના આત્માના દિવ્ય આનંદનું ભાન જેટલા પ્રમાણમાં ઓછું, તેટલા પ્રમાણમાં તે આનંદ મેળવવા માટે બાહ્ય પદાર્થો વિશેષ રૂપમાં મેળવવા ઇચ્છે છે અને મથે છે; પણ ખરા આત્મજ્ઞાનીનો આનંદ પોતાનામાં રહેલો હોવાથી તે બાહ્ય વસ્તુઓના સદ્‌ભાવ કે અભાવમાં એકસરખી પ્રસન્નતા જાળવી શકે છે. તે અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં–જગત જેને સુખ દુઃખના પ્રસંગો કહે છે તેવા પ્રસંગોમાં–આનંદમાં રહી શકે છે. આત્મા અમર હોવાથી અંતવાળી વસ્તુઓના સદ્‌ભાવે શું રાચે ? તેમજ અંતવાળી વસ્તુઓના અભાવે ખિન્ન પણ શું થાય ? અનંત કાળનો પ્રવાસી આત્મા આ બધા સંસાર રૂપી નાટકનો પ્રેક્ષક છે. દૃષ્ટા છે–સાક્ષી છે, પણ ભૂલથી પ્રેક્ષક મટી એક્ટર–નાટકનો પાત્ર બનવા જાય છે, એટલે લેપાય છે. અને સંસાર નાટકમાં તેને પણ અનેક ભાગ ભજવવા પડે છે.

આત્મા, ઉપર જણાવ્યા પ્રમાણે, અનંત આનંદમય, અનંત શક્તિમય અને અનંત જ્ઞાનમય છે. છતાં શા સારૂ ખિન્ન, અલ્પશક્તિવાળો અને બહુજ ન્યૂન જ્ઞાનવાળો જણાય છે ? તેની શક્તિ, જ્ઞાન અને આનંદને રોકનારાં કારણો કયાં છે ? જેમ સૂર્યના પ્રકાશને વાદળ રોકે છે, તેમ આત્માના પ્રકાશને રોકનારાં વાદળો કયાં છે ? વળી આપણે પોતેજ આ આત્મા હોવાથી અને આત્મા પોતે શકિત, જ્ઞાન અને આનંદના સમૂહરૂપ હોવાથી શા સારૂ તે શકિત, જ્ઞાન અને આનંદનો આપણને અનુભવ થતો નથી ?

છે, ત્યાં મન તથા ઇન્દ્રિયો શિથિલ બની જાય છે, અને તે આત્માપર પોતાનો પ્રભાવ દર્શાવી શકતી નથી. આત્મા તો ઇન્દ્રિયો, મન અને વાસનાઓનો સેવક નહિ પણ સ્વામી છે. આત્માના બળનો શો ખ્યાલ આપી શકાય? શ્રીમાન્ શુભચંદ્રાચાર્યે જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે,

अहोऽनंत वीर्योऽयमात्मा विश्वप्रकाशकः ।
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥

આ વિશ્વને પ્રકાશ આપનાર આત્મા અનંત શક્તિવાળો છે, તે પોતાની ધ્યાનશક્તિના પ્રભાવથી ત્રણ ભુવનને હલાવવા સમર્થ છે. આ આત્મશક્તિને દેવો અને અસુરો પણ વશ થાય છે, તો પછી સામાન્ય મનુષ્યો અને પશુઓની તો વાતજ શી? આ આત્મશક્તિ આગળ મોટા મોટા નરેન્દ્રો અને ચક્રવર્તીઓ પણ નમી પડે છે. આત્માનું પ્રેમસ્વરૂપ જ્યારે પ્રકટ થાય છે, ત્યારે તે સ્વરૂપ પ્રકટ કરનારની સમીપમાં આવનારા વિરોધીઓનો વિરોધ ટળી જાય છે, એટલુંજ નહિ પણ સ્વભાવથી વિરોધી પશુઓ પણ પોતાનો વૈરભાવ ટાળી શાન્ત થઇ જાય છે. તેના પ્રેમની પ્રભા આગળ વૈર વિરોધનું વાદળ ટકી શકતું નથી. તે આત્મા પોતાના જ્ઞાનબળ વડે ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળના બનાવોને હસ્તામલકવત પોતાની દૃષ્ટિ સમીપ એકજ સમયે જોઇ શકે છે. તેના શુદ્ધ હૃદયમાં દરેક બાહ્ય વસ્તુનું પ્રતિબિંબ પડે છે, અને તેથી કોઇ પણ જાતના પ્રયાસ સિવાય તે સર્વ પદાર્થો અને બનાવોને જોઇ શકે છે, જાણી શકે છે, અને અનુભવી શકે છે. વળી

પ્રબુદ્ધ આત્મા સ્વસંતુષ્ટ હોવાથી પોતાના સુખ વાસ્તે તેને બહારના પદાર્થો કે મનુષ્યો પર આધાર રાખવો પડતો નથી. મનુષ્યોને પોતાના આત્માના દિવ્ય આનંદનું ભાન જેટલા પ્રમાણમાં ઓછું, તેટલા પ્રમાણમાં તે આનંદ મેળવવા માટે બાહ્ય પદાર્થો વિશેષ રૂપમાં મેળવવા ઇચ્છે છે અને મથે છે; પણ ખરા આત્મજ્ઞાનીનો આનંદ પોતાનામાં રહેલો હોવાથી તે બાહ્ય વસ્તુઓના સદ્‌ભાવ કે અભાવમાં એકસરખી પ્રસન્નતા જાળવી શકે છે. તે અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં–જગત જેને સુખ દુઃખના પ્રસંગો કહે છે તેવા પ્રસંગોમાં–આનંદમાં રહી શકે છે. આત્મા અમર હોવાથી અંતવાળી વસ્તુઓના સદ્‌ભાવે શું રાચે? તેમજ અંતવાળી વસ્તુઓના અભાવે ખિન્ન પણ શું થાય? અનંત કાળનો પ્રવાસી આત્મા આ બધા સંસાર રૂપી નાટકનો પ્રેક્ષક છે. દ્રષ્ટા છે–સાક્ષી છે, પણ ભૂલથી પ્રેક્ષક મટી એક્ટર–નાટકનો પાત્ર બનવા જાય છે, એટલે લેપાય છે. અને સંસાર નાટકમાં તેને પણ અનેક ભાગ ભજવવા પડે છે.

આત્મા, ઉપર જણાવ્યા પ્રમાણે, અનંત આનંદમય, અનંત શક્તિમય અને અનંત જ્ઞાનમય છે. છતાં શા સારૂ ખિન્ન, અલ્પશક્તિવાળો અને બહુજ ન્યૂન જ્ઞાનવાળો જણાય છે? તેની શક્તિ, જ્ઞાન અને આનંદને રોકનારાં કારણો ક્યાં છે? જેમ સૂર્યના પ્રકાશને વાદળ રોકે છે, તેમ આત્માના પ્રકાશને રોકનારાં વાદળો ક્યાં છે? વળી આપણે પોતેજ આ આત્મા હોવાથી અને આત્મા પોતે શકિત, જ્ઞાન અને આનંદના સમૂહરૂપ હોવાથી શા સારૂ તે શકિત, જ્ઞાન અને આનંદનો આપણને અનુભવ થતો નથી?

ઉપરના પ્રશ્નનો ઉત્તર સમજવાને આપણે એક દૃષ્ટાન્ત લઇએ.

હાલનું વિજ્ઞાનશાસ્ત્ર આપણને જણાવે છે, તેમજ આપણે અનુભવથી જાણીએ છીએ કે આપણી ચારે બાજુએ હવા આવેલી છે, પણ જે વસ્તુ ચારે બાજુએ આવેલી હોય તેનું આપણને ભાન હોતું નથી. વળી આ હવાને વજન પણ છે. અને તે દરેક વર્ગ ઇંચ (square inch) ઉપર પંદર રતલ છે. છતાં આપણને તે વજનનો ભાર લાગતો નથી. પણ જો કોઇ પણ બાજુથી હવા લઇ લેવામાં આવે અને ત્યાં જગ્યા ખાલી થાય, તો હવાના દબાણનું તરતજ આપણને ભાન થાય, જો એક શીશામાંથી હવાના પંપ વડે હવા ખેંચી લેવામાં આવે, અને જો તે શીશાપર હાથ મૂકવામાં આવે તો હાથ ઉપર હવાનું દબાણ એટલું બધું થાય કે હાથમાંથી લોહીની સેરો નીકળે; કારણકે ઉપરના દબાણને રોકનારૂં હવાનું નીચેનું દબાણ તે વખતે હોતું નથી. તેજ રીતે આત્માની પૂર્ણ શકિતઓ આપણામાં છે, પણ આપણાં હૃદયો બહારના પદાર્થો, વાસનાઓ અને વિચારોથી એટલાં બધાં ભરેલાં છે, કે તે આત્માની શકિતઓનું દબાણ આપણને લાગતું નથી. જે પળે હૃદય ઉપરથી પાપ તરફ દોરી જતી વાસનાઓ અને વિકારોનો ભાર ઓછો થઇ જશે, તેજ પળે તે સ્થળે આત્માની શકિતઓ પ્રકટ થઈ પોતાનો પ્રભાવ દર્શાવશે. આત્માની શકિતઓ ખીલવવાની નથી, તે તો ખીલેલીજ છે. પણ તેને પ્રકટ થવામાં જે અંતરાયભૂત કારણો છે તે દૂર કરવાનાં છે.

આત્માની શકિતઓને પ્રકટ થવામાં જે અંતરાય ભૂત કારણો છે, તેને પાપ સ્થાનકો કહેલાં છે. તે પાપના—અશુભ પ્રવૃત્તિના હેતુઓ છે. અને જ્યાંસુધી પાપ પ્રવૃત્તિના હેતુઓ વિદ્યમાન હોય ત્યાંસુધી અશુભ પ્રવૃત્તિ થવાની અને તેના પરિણામે જે કર્મરૂપ વાદળ પ્રકટે તે આત્મસૂર્યને પ્રકટ થવા દે નહી. માટે જો આત્માની ખરી શકિતઓ પ્રકટ કરી સ્વાનંદમાં મ્હાલવું હોય તો મનુષ્યે અઢાર પાપસ્થાનકોનું સ્વરૂપ સમજી જેમ બને તેમ તેનો ત્યાગ કરવા પ્રવૃત્ત થવું. તે અઢાર પાપ સ્થાનકો જૈન ધર્મમાં વર્ણવેલા છે, અને તે નીચે પ્રમાણે છે.

(૧) પ્રાણાતિપાત. (૨) મૃષાવાદ. (૩) અદત્તાદાન. (૪) મૈથુન. (૫) પરિગ્રહ. (૬) ક્રોધ. (૭) માન. (૮) માયા. (૯) લોભ. (૧૦) રાગ. (૧૧) દ્વેષ. (૧૨) કલહ. (૧૩) અભ્યાખ્યાન. (૧૪) પૈશુન્ય. (૧૫) રતિ અરતિ. (૧૬) પર પરિવાદ. (૧૭) માયા મૃષાવાદ. (૧૮) મિથ્યાત્વશલ્ય.

આ અઢાર પાપસ્થાનકો આત્માના પ્રકાશને પ્રકટ થતો અટકાવે છે. આ અઢારમાં પ્રથમના પાંચ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ મુખ્ય છે. બીજા તેર ગૌણ છે. પણ આ પાંચને પુષ્ટિ આપી વધારે પ્રબળ બનાવે છે, તે અપેક્ષાએ તે તેર પણ પાપસ્થાનકો છે. વળી આ પાંચમાં પણ મુખ્ય પાપસ્થાનક હિંસા છે. તે બધા દોષોનું મૂળ છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે સર્વ જીવો પ્રત્યે અહિંસા—પ્રેમ (મૈત્રીભાવ) કરીને જીવ શાન્તિરૂપ નિર્વાણ પ્રાપ્ત કરે છે. જ્ઞાનાવર્ણમાં પણ લખ્યું છે કે:—

अहिंसैव जगन्माताऽ, हिंसैवानन्दपद्धतिः ।
अहिंसैव गतिः साध्वी, श्रीरहिंसैव शाश्वती ॥

અહિંસા જગતની માતા છે. અહિંસા આનંદની શ્રેણી છે. અહિંસા એજ ઉત્તમગતિ-માર્ગ છે. અને અહિંસા એજ શાશ્વતી લક્ષ્મી છે. યોગ સૂત્રના રચનાર શ્રી પતંજલિ ઋષિ કહે છે કેઃ—

"જ્યારે મનુષ્યને અહિંસા સિદ્ધ થાય છે ત્યારે તેવા મનુષ્યની સમીપમાં વિરોધી પ્રાણીઓ પણ પોતાના વૈર વિરોધ તજી દે છે." આપણે શાસ્ત્રોમાં પણ સાંભળ્યું છે કે જ્યારે મહાવીર પ્રભુ સમોવસરણમાં બેસી ઉપદેશ આપતા હતા, તે સમયે સર્વ પશુ પંખીઓ પણ પોતાના સ્વાભાવિક વિરોધ તજી એક બીજા સાથે પ્રેમભાવથી બેસતા હતા.

જે અહિંસાનો આવો પ્રભાવ છે તેનું સ્વરૂપ આપણે સમજવું જોઈએ, અને તેની પ્રતિપક્ષી હિંસાનો ત્યાગ કરવો જોઇએ.

પ્રાણાતિપાતનો અર્થ એજ થાય છે કે કોઈ પણ જીવને તેના પ્રાણથી વિમુક્ત કરવો અથવા તેને મારી નાખવો. મનુષ્યને અથવા પશુને સર્વથા મારી નાખવું, એટલાજમાં હિંસા સમાઈ જતી નથી, પણ પશુપર અતિશય ભાર ભરવો, તેની ચામડી છેદવી, તેને બાંધી રાખી તેને ઘાસ પાણી ન આપવાં, તેને સખ્ત ચાબકાથી મારવું, અથવા અણીવાળો પરોણો ઘોંચી તેની ચામડીમાં છિદ્ર પાડવાં—આ સર્વનો પણ હિંસામાં સમાવેશ થાય છે. તેવી જ રીતે નોકર ચાકરને લાતો મારવી અથવા શરીરના બીજા

કોઈ ભાગપર મારવો, અથવા કોઇનો એક પણ અવયવાદિક નાહક કાપી નાખવો તે પણ હિંસા છે. સ્ત્રીઓને તેમ જ હાથ નીચે મૂકાયેલાં બાળકોને સોટીથી મારવાં અથવા કોઇ પણ શારીરિક શિક્ષા કરવી તે પણ હિંસા છે. જ્યારે બાળકોને–કુમળા બાળકોને ગૃહમાં કે શાળામાં શિક્ષા કરવામાં આવે છે ત્યારે તેમાંથી ચાર અનર્થો ઉપજે છે. (૧) બાળકો બીકણુ થાય છે. (૨) તેઓ ભયને લીધે અસત્ય બોલતાં શીખે છે. (૩) તેઓ મારનારા પ્રત્યે દ્વેષ રાખે છે, અને (૪) તેઓ જાતે પણ નિર્દયતાનો પાઠ શીખી સમય જતાં પોતાના હાથ નીચે આવતાં બાળકો તરફ ઘાતકી બને છે.

પોતાના પ્રાણુ જેટલા પોતાને પ્રિય છે, તેટલા જ સામાના પ્રાણુ તેને પ્રિય છે, પણ મનુષ્યો ક્રોધ કે લોભ કે કામના આવેશમાં આવી બીજાઓને હેરાન કરતાં, અથવા બીજાઓના શરીરને અનેક પ્રકારનો ત્રાસ ઉપજાવતાં જરા પણ ડરતા નથી. માંસાહારનો પણ હિંસામાં સમાવેશ થાય છે. માંસ પશુના વધ શિવાય મળતું નથી. માટે જે લોકો માંસાહાર કરે છે, તેઓ હિંસાના પાપના ભાગી બને છે. માંસાહારી પશુના વિકાસક્રમમાં અડચણુ નાખે છે, તેટલે અંશે કુદરતી નિયમ પ્રમાણે તેના પોતાના વિકાસમાં અંતરાયો આવે છે. પશુને લાગુ પડેલા ક્ષય, ચાંદી, વગેરે રોગોના જંતુઓ પણ તે માંસમાં હોય છે. અને તેથી તે માંસ ખાનાર મનુષ્યને તે રોગો લાગુ પડવાનો સંભવ છે. વળી પશુને જ્યારે મારવામાં આવે છે, ત્યારે તે પશુના હૃદયમાં સ્વાભાવિક રીતે ક્રોધ, વૈર, ધિક્કારના વિચારો

પ્રકટે છે, અને તેથી તેવા પશુનું માંસ ખાનાર પણ ક્રોધી ચીડીઓ અને અશાન્ત બને છે. માંસ ખાનારને દારૂ પીવાની જરૂર પડે છે, એટલે એક અનર્થ બીજા અનર્થનું કારણ બને છે. માંસાહાર સામાન્ય બીજાં અનાજો કરતાં મોંઘું પડે છે. પશુઓનો વધ થવાથી દુધ, દહીં, ઘી, માંખણ વગેરે મોંઘાં મળે છે, અને ખેતીને પણ પુષ્કળ નુકસાન થાય છે. પણ આ બધાં કારણો કરતાં સૌથી મોટું કારણ તો એજ કે પશુઓને આપણા જેવીજ લાગણી હોય છે. આપણે મનની બાબતમાં વિશેષ આગળ વધ્યા હોઇશું, પણ તેમની સુખદુ:ખની લાગણીઓ લગભગ આપણા જેવી જ હોય છે. માટે તેવા લાગણીવાળા જીવને મારી, પોતાના બાહ્યસ્વાદની તૃપ્તિ કરવી એ ખરેખર અનર્થ અને મહા હિંસક કામ છે. માટે અહિંસક બનવા ઇચ્છનારે માંસનો તથા માંસની બનાવેલી વસ્તુઓનો જરૂર ત્યાગ કરવો જોઇએ.

યજ્ઞ નિમિત્તે પશુઓનો જે વધ કરવામાં આવે છે, તે પણ મોટામાં મોટી હિંસા છે. જે દેવી જગદમ્બા જગતની માતા કહેવાય છે, તે કદાપિ પોતાના બાળકના રૂધિરથી પ્રસન્ન થાય નહિ, અને જે પોતાનાં નિર્દોષ અને નિરપરાધી પશુઓ રૂપ બાળકોના વધથી સંતુષ્ટ થાય તે દેવી નામને પાત્રજ શી રીતે થઇ શકે ? મનુષ્યે દેવીને-દિવ્ય શક્તિને પ્રસન્ન કરવા પોતાની અંદર રહેલી પાશવ વૃત્તિઓનો-જેવી કે ક્રોધ, મોહ, લોભ, મત્સરા, પરનિંદ દ્વેષ વગરેનો-ભોગ આપવો જોઇએ. એક સ્થળે કહ્યું છે કે:

युपं छित्त्वा पशून् हत्वा कृत्वा रुधिरकर्दमम्
यदैवं गम्यते स्वर्गं नरके केन गम्यते ॥

જો યજ્ઞ સ્તંભ છેદીને, પશુઓને હણીને, અને લોહીનો કાદવ બનાવીને—આ પ્રમાણે જ્યારે સ્વર્ગે જવાતું હોય તો પછી નરકે કોણ જશે? માટે યજ્ઞ નિમિત્તે જે હિંસા થાય છે, તે અજ્ઞાનમૂળક છે. તેનો કોઈ પણ રીતે બચાવ થઈ શકે તેમ નથી.

શિકાર એ પણ હિંસાનું એક મોટું કારણ છે. શિકારી મનુષ્યો તેને એક રમત રૂપ ગણે છે. પણ તે રમતમાં બીજાઓના પ્રાણ જાય છે, તેનું તેઓને ક્યાં ભાન હોય છે? શરીરબળ ખીલવવાના અનેક માર્ગ છે, નિર્જીવ વસ્તુને નિશાન કરી ધનુર્વિદ્યા ક્યાં શીખાતી નથી? પણ બીજાઓને—અનાથોને સ્વચ્છંદથી મારવામાં શૂરવીરોને એક પ્રકારનો ખોટો રસ પેદા થાય છે. પણ શાસ્ત્રોમાં કહ્યું છે કેઃ—

उद्यतं शस्त्रमालोक्य विषादभयविह्वलाः ।
जीवाः कंपन्ति सर्वत्र नास्ति मृत्युसमं भयम् ।
कंटकेनापि विद्धस्य महती वेदना भवेत् ।
चक्रकुंतकासि शक्तयाद्यैश्छिद्यमानस्य किं पुनः ॥

નિરાશા અને ભયથી વિહ્વળ થયેલા જીવો ઉગામેલું શસ્ત્ર જોઇને કંપે છે, કારણ કે મૃત્યુ સમાન બીજો ભય નથી. કાંટા ખૂંચી જવાથી પણ પ્રાણીને જ્યારે મોટી વેદના થાય છે, ત્યારે ચક્ર, ભાલો, તરવાર, બરછી વગેરે શસ્ત્રોથી છેદાતા પ્રાણીની વેદનાની તો વાત જ શી?

પ્રાચીન સમયમાં યુદ્ધનાં પ્રસંગે જો કોઈપણ મનુષ્ય મુખમાં ઘાસનું તરણું ઘાલે તો સામો પ્રબળ શત્રુ તેને જીવતો મુકતો હતો. મુખમાં તરણું ઘાલનાર હવે પશુ જેવો

છે, માટે તેને શું મારવો ? પણ તૃણ ખાઇને જીવનારા, ઝરાનું નિર્મળ જળ પી તૃષા શમાવનારા નિર્દોષ પશુઓની હિંસા શિકાર કે મોજશોખ નિમિત્તે થાય છે, અને વર્તમાનપત્રોમાં તે બહાદુરીનાં કાર્યો હોય તેમ તેનાં લાંબાં વર્ણનો આવે છે, એજ સૂચવે છે કે આપણી સમાજનું અંતઃકરણ આ બાબતોને દોષ રૂપ ગણવા જેટલું ખીલ્યું નથી.

કેવળ શરીરથીજ હિંસા થાય છે એમ નથી. વચન અને મનથી પણ આપણે હિંસા કરીએ છીએ. વચન ઉપર સંયમ નહિ રાખવાથી આપણે ન બોલવાનું બોલીને સામી વ્યક્તિના જીવને દુઃખ આપીએ છીએ. શારીરિક ઘા કરતાં પણ વચનના ઘા કેટલીકવાર વધારે અસહ્ય નીવડે છે. અને તેને લીધે કેટલાંએક ઓશીકાં આંસુઓથી ભીંજાતાં હશે, તેનો તે વચનો બોલનારને કયાં ખ્યાલ હોય છે ? જીભમાં અમૃત પણ છે અને ઝેર પણ છે. વાણીમાં ઘાયલ કરવાની શક્તિ છે, અને ઘા રૂઝવવાની પણ શક્તિ છે. માટે હિંસાના પાપથી બચવા ઇચ્છનારે વાણીમાં મીઠાશ રાખવી.

કવિ બાલાશંકર કહે છે કે,

કટુ વાણી સુણે જો તું મીઠી વાણી સદા કહેજે,
પરાઇ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લે જે.

જૈન શાસ્ત્રમાં જે પાંચ સમિતિઓ કહેલી છે, તેમાં એક ભાષા સમિતિ છે. ભાષા સમિતિ જણાવે છે કે તે વાણી સારી રીતે બોલવી જોઇએ, તે અન્યાય યુક્ત નહિ પણ ન્યાય યુક્ત હોવી જોઇએ, તે અપ્રિય નહિ પણ પ્રિય હોવી જોઇએ, તે અસત્ય નહિ પણ સત્ય હોવી જોઇએ. જે

વાણી પોતાને પશ્ચાત્તાપ ઉપજાવતી નથી તેવી વાણીનોજ ઉચ્ચાર કરવો લાભદાયક થઇ શકે છે.

મનુષ્ય, શરીરથી હિંસા ન કરે, વચનથી પણ કોઈને નુકસાન ન કરે, છતાં જો તેના મનમાં બીજાનું અશુભ કરવાની વૃત્તિ હોય તો તે મનવડે પણ હિંસા કરે છે.

મનથી પાપકર્મ બંધાય છે, અને મનથી પાપકર્મ છુટે છે, તેના પર પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દ્રષ્ટાન્ત જૈન આલમને સુવિદિત છે. પોતાના મનના શુભ ભાવ વડે તે સ્વર્ગ પ્રાપ્તિને વાસ્તે યોગ્ય થયા, મનના અશુભ પરિણામ વડે બીજાને મારવાની પ્રબળ ઈચ્છા કરવાથી નરકના દુઃખો ભોગવવાને પાત્ર બન્યા, અને થોડાજ સમયમાં તે અશુભ વિચારોને દૂર ફેંકી પોતાની ખરી સ્થિતિનું ભાન લાવી આત્મ સ્વરૂપનો વિચાર કરતાં કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા સમર્થ થયા. આ ત્રણે સ્થિતિમાં મન એજ મોટું કારણ છે. માટે મનથી બીજાનું અશુભ ચિંતવવું, બીજાને દુઃખ થાય એવી ભાવના ભાવવી એ પણ હિંસા છે. કારણકે मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः કારણ કે મન એજ મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણ છે. **વળી આ સ્થળે એ પણ વિચારવા જેવું છે કે જે મનમાં હોય તે બહાર આવ્યા વિના રહેતું નથી.** દરેક કાર્યનો પિતા વિચાર છે. વિચાર ઘટ્ટ થતાં તે કાર્યરૂપે પરિણમે છે. માટે જે મનુષ્યના હૃદયમાં બીજાનું બુરૂં કરવાની ભાવના હશે, તે મનુષ્ય વ્હેલો કે મોડો બીજાને નુકસાન કર્યા વિના રહેનાર નથી. માટે આત્માર્થીએ સર્વનું શુભ ચિંતવવું. બૃહત્ શાન્તિમાં લખ્યા પ્રમાણે સદા એવી ભાવના ભાવવી કેઃ—

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखिनो भवन्तु लोकाः ॥

સર્વ જગતનું કલ્યાણ થાઓ, લોકો પારકાના હિતમાં તત્પર બનો, તેમના દોષો નાશ પામો, અને સર્વ સ્થળે લોકો સુખી થાઓ.

વંદિતા સૂત્રમાં પણ આપણે પ્રતિદિન બોલીએ છીએ કે

खामेमि सव्व जीवे सव्वे जीवा खमन्तु मे ।
मित्ति मे सव्व भूएसु वेरं मज्झं न केणइ ॥

હું સર્વ જીવોને ક્ષમા આપું છું, સર્વ જીવો મને ક્ષમા આપો. મારે સર્વ સાથે મૈત્રી છે, મારે કોઈ સાથે વેર નથી. માટે હિંસાના પાપથી વિમુખ થઇ મનુષ્યે અહિંસા ધર્મનો આશ્રય લેવો. કારણકે જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે.

तन्नास्ति जीवलोके जिनेन्द्र देवेन्द्रचक्र कल्याणम् ।
यत् प्राप्नुवान्ति मनुजा न जीवरक्षानुरागेण ॥

આ જગતમાં જીવ રક્ષા પર પ્રેમ રાખવાથી મનુષ્ય સમસ્ત કલ્યાણકારી પદ પ્રાપ્ત કરે છે. તીર્થંકર, દેવેન્દ્ર, ચક્રવર્તીત્વ જેવું એક પણ પદ નથી કે જે દયાવાન (અહિંસક) ને ન મળે. માટે પોતાની આત્મશકિત પ્રકટ કરવા વાળા દરેક જીવે શરીરથી, વચનથી, અને મનથી કોઈ પણ જીવને દુ:ખ ન થાય તેવી રીતે વર્તન કરવું.

ચીખરાઇ જાય છે, તેમ સત્ય અને પ્રમાણિક મનુષ્યની તેજભરી આંખો આગળ તેનું મુખ ઢીલું પડી જાય છે, અને તેનું તેજ ઝાંખુ પડી જાય છે. આખું વિશ્વ સત્ય પર રચાયું છે, માટે સત્યના નિયમોનો ભંગ કરી જગતને છેતરનાર મનુષ્ય લાંબો કાળ વિજય પામી શકે નહિ. કુદરત પોતાના નિયમોનો ભંગ લાંબો સમય સહન કરી શકેજ નહિ. માટે આત્મ અભ્યાસી મનુષ્યે કપટ અને અસત્યને પોતાના હૃદયમાંથી દેશવટો આપવો.

ઉપદેશસપ્તતિકા નામના ગ્રન્થમાં માયા કપટીની કેવી દુર્દશા થાય છે, તે ઉપર એક દૃષ્ટાંત આપેલું છે.

શ્રી તિલકપુરમાં ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ નામના બે વણિક રહેતા હતા. ધર્મબુદ્ધિ સરલ સ્વભાવી અને પરહિતચિંતક હતો, અને પાપબુદ્ધિ કપટી, માયાવી અને વિશ્વાસુને છેતરનારો હતો. બંનેને વેપાર નિમિત્તે મૈત્રી થઇ. લોકો એમ કહેતા હતા કે કાષ્ઠ અને કરવત જેવો આ યોગ છે. તથાપિ પોતાના ઉત્તમપણાથી ધર્મબુદ્ધિએ તે પાપબુદ્ધિનો ત્યાગ કર્યો નહિ. બન્ને જણ વેપાર નિમિતે બીજે દેશ ગયા, અને વ્યવસાય કરી દરેક હજાર સોના મહોરો કમાયો. તે બન્ને પોતાના ગામ તરફ પાછા વળ્યા. જ્યારે પોતાનું નગર પાસે આવ્યું ત્યારે પાપબુદ્ધિએ તે ધર્મબુદ્ધિને કહ્યું, "મિત્ર! આટલું બધું ધન નગરમાં કેમ લઇ જવાય! માટે કેટલુંક અહીંજ દાટી મૂકીએ; પછી યોગ્ય અવસરે તે લઇ જઇશું. કારણ કે ધનને અનેક પ્રકારે રાજા, ભાગીદાર અને ચોરથી ભય

હોય છે." આમ સાંભળી ધર્મબુદ્ધિએ પાંચસે સોના મહોર એક વૃક્ષ નીચે દાટી. તેને વિશ્વાસ પમાડવા પાપબુદ્ધિએ પણ તેમજ કર્યું. પછી તેઓ પોતપોતાને ઘેર ગયા. પાપબુદ્ધિ રાત્રે છાનો માનો બન્નેનું દાટેલું ધન લઇ ગયો. એક દિવસ પાપબુદ્ધિને ધર્મબુદ્ધિ આવી કહેવા લાગ્યો, કે "મિત્ર ! ચાલો હવે આપણે તે દાટેલું ધન કાઢી આવીએ." ત્યાં જઈને જોયું તો ખાડો ખાલી જોવામાં આવ્યો. પાપબુદ્ધિ ઘણો વિલાપ કરવા લાગ્યો અને છેવટે તેણે ધર્મબુદ્ધિ ઉપર આક્ષેપ મૂકતાં કહ્યું; "હે દુષ્ટ ! તેંજ આ કામ કર્યું છે. કારણ કે આપણા બે વિના બીજું કોણ આ વાત જાણતું હતું ?" ધર્મબુદ્ધિ કહે "હું કદી એવું કામ કરૂં નહિ. કોઈ પાપીએ તે કામ કર્યું હશે ?". આમ બન્ને વચ્ચે વિવાદ થયો. અને વાત રાજસભામાં ગઇ. બન્નેના સાક્ષી વિષે પૂછવામાં આવતાં પાપબુદ્ધિ બોલી ઉઠયો કે મારો સાક્ષી દેવતા છે. રાજાએ કહ્યું પ્રભાતે તેની પરીક્ષા થશે. પાપબુદ્ધિએ રાત્રે પોતાના પિતાને સઘળી હકીકત કહી અને જંગલમાં જઇ વૃક્ષના કોટર (પોલ) માં ભરાઇ બેસવા જણાવ્યું. અને રાજા પૂછે, ત્યારે કહેવું કે "પાપબુદ્ધિ નિષ્કલંક અને ધર્મબુદ્ધિ તસ્કર છે" એમ પણ સૂચવ્યું. પ્રભાતે રાજા પ્રધાન વગેરે અમલદારો તથા ધર્મબુદ્ધિ, પાપબુદ્ધિ વગેરે લોકો ત્યાં હાજર થયા. સવાલ પૂછતાં પાપબુદ્ધિના પિતાએ ગોઠવેલો જવાબ આપ્યો. લોકો આમ તેમ જોવા લાગ્યા, પણ કોઇ પણ મનુષ્ય નજરે પડયો નહિ. ધર્મબુદ્ધિએ તરતજ સમયસૂચકતા વાપરી

જણાવ્યું કે " આ કોટરને બાળી નખાવો એટલે દેવ કે મનુષ્ય પ્રત્યક્ષ થાય." કોટર બાળવાની શરૂઆત કરી કે તરતજ પાપબુદ્ધિનો પિતા તે કોટરમાંથી ગભરાતો ગભરાતો બ્હાર નીકળ્યો. પ્રશ્ન પૂછતાં તેણે સર્વ સત્ય નિવેદન કર્યું. લોકો તથા અમલદાર વર્ગ તેને તથા તેના પુત્રને ધિક્કારવા લાગ્યા. રાજા પાપબુદ્ધિને ભારે શિક્ષા કરવા તૈયાર થયો હતો, પણ ધર્મબુદ્ધિએ તેને તેમ કરતાં વાર્યો. રાજા વગેરે ધર્મબુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યા. માયા-મૃષાવાદ આ ભવમાંજ દુઃખ આપે છે.

હવે માયામૃષાવાદ તજવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય **સત્ય અને સરલતા** છે. જો કે સત્ય અને સરલ મનુષ્યોને પ્રારંભમાં દુઃખ પડે, કેટલીક અડચણોમાંથી પસાર થવું પડે, પણ અંતે સત્યનો જય થાય છે. સત્ય અને સરલ પ્રકૃતિનો જીવ ઘણી ત્વરાથી પોતાનો વિકાસ કરી શકે છે. તે નિર્ભય બને છે, તે નિરંતર શાંતિ ભોગવે છે, અને તેવા મનુષ્યનું શરીર પણ નીરોગી રહે છે. પરસ્પર અનુકૂલ આંદોલનો તેના શરીરમાં ચાલે છે, તેથી રોગના વિરોધી આંદોલનો જવા માંડે છે. નિષ્કપટી અને સત્યપ્રિય મનુષ્ય હજારો અસત્ય બાબતોમાંથી, સત્ય બાબતો કઈ છે તે તરતજ પારખી શકે છે. સત્યનો સદ્‌ગુણ આવતાં બધા દુર્ગુણો નાશ પામવા લાગે છે. કારણ કે જે મનુષ્યને સત્ય બોલવાનું હોય, તે કેટલાંક પાપો તો કરી શકેજ નહિ. તેને જે સત્ય હોય તે બોલવાનું હોય છે, તેથી ઘણા પ્રકારની કુટિલતાથી તે બચે છે.

જે મનુષ્ય અસત્યથી, કપટથી અથવા ઢોંગથી બીજાને છેતરવા પ્રયત્ન કરે છે, તેનો પોતાનો અંતરાત્મા છેતરાય છે. તેથી તે અંતરાત્માનો અવાજ સાંભળી શકતો નથી, અથવા તો તેની ઝાંખી પામી શકતો નથી. માટે જેમ બને તેમ મનુષ્યે ઢોંગનો ત્યાગ કરી સરલ પ્રકૃતિના બનવું. જ્યાં સરલતા ત્યાં પવિત્રતા, અને જ્યાં પવિત્રતા ત્યાં પ્રભુનો વાસ છે.

પ્રકરણ ૧૮ મું.

મિથ્યાત્વશલ્ય વિરમણ.

આ મિથ્યાત્વશલ્ય એ અઢારમું અને છેલ્લું પાપસ્થાનક છે. તે છેલ્લું છે, પણ સૌથી પ્રથમ સ્થાન ભોગવે તેવું છે. તેનો અર્થ એ થાય છે કે મનુષ્યોના હૃદયમાં જ્યાં સુધી મિથ્યાત્વરૂપી તીર પ્રવેશેલું છે, ત્યાં સુધી તે મનુષ્યો કોઇપણ કામ તથાવિધ ભાવથી કરી શકશે નહિ. મિથ્યાત્વ એટલે સત્યને અસત્ય માનવું, અથવા અસત્યને સત્ય માનવું તે. મિથ્યા એટલે જુઠું. વસ્તુને વસ્તુ સ્વરૂપે ઓળખવી તે જ્ઞાન, અને વસ્તુને અવસ્તુરૂપે ઓળખવી તે મિથ્યાત્વ છે. સાધુને અસાધુ તરીકે, અને અસાધુને સાધુ તરીકે, માર્ગને ઉન્માર્ગ તરીકે, અને ઉન્માર્ગને માર્ગ તરીકે, ટુંકમાં વસ્તુને અવળે રૂપે સમજવી, એ સર્વ મિથ્યાત્વ છે. જ્યાં સુધી મિથ્યાત્વ અથવા અસદ્જ્ઞાન હોય, ત્યાં સુધી સદ્જ્ઞાન સંભવે નહિ. અને

અસદ્જ્ઞાન રૂપી તીર હૃદયમાં પેઠું હોય, ત્યાં સુધી અનેક પ્રકારની શંકાઓ અને પ્રશ્નો થયાં કરે, તેવી સ્થિતિમાં મનુષ્ય દૃઢ નિશ્ચયથી કાંઈ પણ કામ કરી શકે નહિ. શ્રદ્ધાપૂર્વકના જ્ઞાન વિના ચારિત્ર સંભવી શકેજ નહિ.

આ મિથ્યાત્વ ઉત્પન્ન થવાનાં બે મુખ્ય કારણો છે. એક અજ્ઞાન અને બીજું દુરાગ્રહ.

મનુષ્યને રૂપાનું જ્ઞાન ન હોયતો ચળકતી છીપને રૂપા તરીકે માનીલે. જેને સાચા હીરાનું જ્ઞાન નહોય તે પુખરાજને હીરો ગણીલે. તેમ સદ્વસ્તુનું જ્ઞાન જીવને ન હોય તો અસદ્વસ્તુને સદ્વસ્તુ તરીકે માનીલે. આનું નામ મિથ્યાત્વ—અથવા અસત્યજ્ઞાન. આ મિથ્યાત્વ સદ્જ્ઞાનથી નાશ પામે. સત્ય વસ્તુ જાણતાં મનુષ્ય અસત્યનો ત્યાગ કરે. મહાવીર પ્રભુ પાંસે જે દ્વિજો—બ્રાહ્મણો દીક્ષા લઇ ગણધર થયા, તે સર્વેને જ્ઞાન નહોતું એમ નહિ. જ્ઞાન તો હતું, પણ તેમાં કેટલાક દોષ હતા; પણ તેઓ જ્ઞાનના સત્ય તત્ત્વ જાણવાના આતુર હતા. તેથી સત્ય જ્ઞાન મળતાં તેઓએ પોતાનો અજ્ઞાનમત છોડી દીધો, માટે મિથ્યાત્વ—અથવા અસદ્જ્ઞાન દૂર કરવાનો સારો ઉપાય સદ્જ્ઞાન છે. લોકોને સદ્જ્ઞાન આપવામાં આવે તો ઘણા જીવો પોતાની ભૂલો સુધારવા તૈયાર હોય છે.

ઇંગ્લાંડમાં એક એવો વિચારક પક્ષ છે કે જે પોતાને Agnostic કહેવરાવે છે. તેનો અર્થ 'અજ્ઞાનવાદી' એવો થાય છે. તેઓ કહે છે કે " અમને અમુક બાબતોના પુરાવા

આપો, એટલે અમે તે વાત માનવાને તૈયાર છીએ." આવા મનુષ્યો જ્ઞાનના જીજ્ઞાસુ કહેવાય, અને તેમને સદ્-જ્ઞાન આપવામાં આવે, તો પોતાની ભૂલ ક્યાં છે, તે સમજી તે દૂર કરવા પ્રયત્ન કરે.

પણ કેટલાક એવા મનુષ્યો હોય છે કે જેઓ ખોટા દુરાગ્રહી હોય છે. તેમને સમજાવવાનું કામ ઘણું કઠણ છે. તેઓ પ્રથમ પકડેલી વાતને કદાપિ મૂકતા નથી. तातस्य कूपोऽयं इति ब्रुवाणाः क्षारंजलं कापुरुषाः पिबन्ति—આ બાપનો કુવો છે, એમ કહી કાયર પુરૂષો બીજે મિષ્ટ જળ મળતું હોય છતાં ખારૂં જળ પીએ છે. તેમનામાં વિવેક શક્તિ હોતી નથી. એ તો સમય જતાં દુઃખ પામીને જ્ઞાન પ્રાપ્ત કરશે. દુરાગ્રહીને સુધારવાનો બીજો માર્ગ નથી.

તત્ત્વવિદ્યા ઉપર શ્રદ્ધા એનું નામજ સમ્યગદર્શન, એમ જૈનશાસ્ત્રકારો કહે છે. જ્ઞાન અને ચારિત્રની વચ્ચે આ શ્રદ્ધાના અંકોડાની ખામી જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થાય છે. મનુષ્ય જાણે પણ તે પ્રમાણે વર્તી શકે નહિ. કારણ કે તેના દિલમાં તે જ્ઞાન વિષે પૂર્ણ શ્રદ્ધા હોતી નથી. જ્યાં શ્રદ્ધા આવી, એટલે તે પ્રમાણે અવશ્ય કાર્ય થવાનું. કદાચ મનુષ્ય પોતાના જ્ઞાન પ્રમાણે આચરણ ન કરી શકે, પણ જો તેને તે જ્ઞાનપર શ્રદ્ધા હોય તો વ્હેલો મોડો તે પ્રમાણે વર્તવાનો. આ જ્ઞાન તે Right belief—સાચી શ્રદ્ધાનું છે. તેટલા વાસ્તે કહેવામાં આવ્યું છે કે चारित्रभ्रष्टाः सिध्यन्ति ચારિત્રથી ભ્રષ્ટ થયેલા જીવો પણ સિદ્ધિ પામે, અર્થાત્ અત્યારે પો-

તાની માન્યતા પ્રમાણે જીવો આચરણ ન રાખી શકતા હોય, છતાં જો તેમની માન્યતા સત્ય હોય તો ધીમે ધીમે તેમની માન્યતા કાર્યમાં ઉતરશે, અને તેઓ ઇષ્ટસિદ્ધિ કરી શકશે. અને જો મનુષ્ય સત્યશ્રદ્ધાથી ડગ્યો તો તે સર્વથા ડગ્યો સમજવો. આ બાબતપર જૈનશાસ્ત્રકારો ઘણો ભાર મૂકે છે, અને તે વાજબી પણ છે. સચ્ચારિત્રનું મૂળ સત્શ્રદ્ધા અને સદ્‌જ્ઞાન છે. માટે જ કહેવામાં આવ્યું કે તત્ત્વોને યથાર્થ સમજી તે પર શ્રદ્ધા રાખો. અને જ્યાં સદ્‌જ્ઞાન પ્રાપ્ત થયું, એટલે મિથ્યાત્વ ચાલ્યું જશે. હૃદયમાં અપૂર્વ બળ આવશે. કારણ કે અજ્ઞાન જતાં જીવને આત્માના અસ્તિત્વપર, આત્માના અમરત્વપર, કર્મના નિયમ પર, પુનર્જન્મના સિદ્ધાંતપર, સાધુઓ, ઉપાધ્યાયો, આચાર્યો, અર્હતો, સિદ્ધોપર તથા પોતાનામાં રહેલા અપૂર્વ બળપર વિશ્વાસ આવશે-શ્રદ્ધા પ્રકટશે; પછી સર્વ મુશ્કેલીઓ દૂર થશે. આત્માના બલુનમાં શ્રદ્ધાનો પવન ભરાશે, પછી નજીવી દોરીઓ તૂટતાં વાર લાગશે નહિ; અને બલુન પોતાનો ઉંચે ઉડવાનો માર્ગ લેશે, માટેજ કહેવામાં આવે છે કે સમ્યગ્ દર્શન થતાં-તત્ત્વોપર પૂર્ણ શ્રદ્ધા થતાં જીવનો ઘણો માર્ગ કપાઇ જાય છે, અને તેને પાછા પડવાનું ભાગ્યે જ થાય છે. તે જીવ હવે નિર્વાણ સુધી વહેતા ઝરામાં પગ મૂકે છે. ત્યાંથી આગળ વધ્યાં કરે છે. શ્રદ્ધા પર્વતને પણ હલાવે છે. શ્રદ્ધા એ પરમબળ છે. શ્રદ્ધા એટલે દૃઢ નિશ્ચય. મનુષ્યને જ્યાં સત્ તત્ત્વો પર શ્રદ્ધા થઇ, એટલે તેનું જીવન ઉન્નત થયા વિના રહેતું નથી. હરિભદ્રસૂરિએ ધર્મબિન્દુમાં કહ્યું છે કેઃ-

राजदण्डभयात्पापं नाचरत्यधमो जनः ।
परलोकभयादमध्यमः स्वभावादेवोत्तमः ॥

અધમ પુરૂષ રાજદંડના ભયથી પાપ કર્મ કરતો નથી. મધ્યમ પ્રકારનો મનુષ્ય પરલોકના ભયથી ખોટું કામ કરતો નથી. અને ઉત્તમ પુરૂષ તો સ્વભાવથી જ તેવા કામથી અલગ રહે છે. જે ઉત્તમ પુરૂષ છે, તે તો જ્ઞાનદૃષ્ટિથી પોતાના–આત્માના સ્વભાવને સમજે છે, અને પાપકર્મ કરતો નથી, પણ મધ્યમ પ્રકારનો મનુષ્ય પણ જો તેને ધર્મનાં તત્ત્વો પર શ્રદ્ધા હોય તો પાપ કર્મ કરે નહિ, પરભવમાં અશુભ કાર્યોનાં અશુભ ફળો ભોગવવાં પડશે, એવી તેને પૂર્ણ પ્રતીતિ હોય છે, માટે તે ખોટાં કામ કરતાં ડરે છે. શાસ્ત્રોમાં કહેલાં પાપસ્થાનકોનાં ખોટાં પરિણામોની જો તેને પ્રતીતિ હોય તો તેનાથી ખોટાં કામો થાય જ કેવી રીતે ? કેપ્ટન પર શ્રદ્ધા રાખી આપણે વહાણમાં બેસી સમુદ્રને ઓળંગી જઈએ છીએ. તેમ જ્ઞાની–સર્વજ્ઞ મહાત્માઓ–તીર્થંકરોનાં વચનો પર શ્રદ્ધા રાખી તેમના વચન પ્રમાણે આપણું જીવન ગાળી આપણે આત્મશ્રેય સાધી શકીએ. તેઓ નિષ્કારણ જગદ્બંધુ હતા. તેમને અસત્ય બોલવાનો હેતુ નહતો. તેઓનું ઉચ્ચ અને પરોપકારી જીવન જ આ બાબતની સાક્ષી પુરે છે. અને જો આપણે તેમના કહ્યા પ્રમાણે વર્તવા માંડીએ. તો અહીં ને અહીં આપણને તેમના વચનની સત્યતા જણાઇ આવે છે, તો પછી જે બાબતોમાં આપણી મતિ કામ ન કરતી હોય, તેવી બાબતોમાં તેમના વચનપર શ્રદ્ધા રાંખી વર્તીએ તો લાભ થવાનો મોટો સંભવ છે. જે કામ આપણી

નૈતિક ભાવના કે અંતઃકરણ વિરૂદ્ધ હોય તેવું કાર્ય ગમે તેવો મહાપુરૂષ કહે તો પણ આપણે કરવાનું નથી. પણ જ્યાં ધર્મોનાં સત્યોપર શ્રદ્ધા રાખવાથી બળ, ઉત્સાહ, ઉચ્ચતા અને સમભાવ પ્રકટ થતાં હોય ત્યાં તેવી શ્રદ્ધા રાખવી એ વાજબી છે.

શ્રદ્ધાથી માનેલી સત્ય વાતો ધીમે ધીમે આપણા અનુભવ જ્ઞાનમાં આવશેઃ અને પછી શ્રદ્ધા તે સાચી શ્રદ્ધા થશે. પછી મિથ્યાત્વનું શલ્ય (તીર) હૃદયમાંથી હમેશને વાસ્તે ચાલ્યું જશે, અને આપણે પણ જોશપૂર્વક-શક્તિ પૂર્વક આપણા ખરા ઉદ્‌ગારો કાઢીશું. આપણને સમ્યગદ-ર્શન થશે, અને આપણું જીવન તદ્દન બદલાઈ જશે, આ મિથ્યાત્વ-અજ્ઞાન ગયું, અને સત્યતત્ત્વોપર શ્રદ્ધા થઈ, એટલે બીજાં પાપસ્થાનકોનો ત્યાગ કરવાનું કામ ઘણું સુગમ થશે અને આપણાં પૂર્વનાં કર્મ ઘણાં નિબીડ (તીવ્ર) નહીં હોય તો અલ્પ સમયમાં આપણે આત્મકલ્યાણ કરી શકીશું.

(સમાપ્ત.)

આ લેખકે રચેલાં પુસ્તકોની યાદી.

(૧) **ધર્મ બિન્દુ** (શ્રી હરિભદ્રસૂરિકૃત) નું ભાષાંતર. આમાં મૂળ સૂત્રોનું ભાષાંતર આપવા ઉપરાંત વિશાળ દષ્ટિથી અને સ્વતંત્ર શૈલિથી વિવેચન કરવામાં આવ્યું છે. તેમાં માર્ગાનુસારિપણાના પાંત્રીસ ગુણ, શ્રાવકના પાંચ અણુવ્રત તથા બાર વ્રત, તેના અતિચારો, દીક્ષા લેનારમાં જોઈતા ૧૬ ગુણો, દીક્ષા આપનારમાં જોઇતા ૧૫ ગુણો, દીક્ષાવિધિ, સાપેક્ષ અને નિરપેક્ષ ધર્મ, ધર્મનું ફળ, તીર્થંકર પદ પ્રાપ્તિના ઉપાયો વગેરે અનેક બાબતો ચર્ચવામાં આવી છે. તેમાં ગ્રન્થકર્તાનું જીવન ચરિત્ર પણ આપવામાં આવ્યું છે.

જૈન ધર્મનું વ્યવહારિક જ્ઞાન મેળવવાને આ પુસ્તક અમુલ્ય છે. ૪૫૦ પૃષ્ઠ. કીંમત રૂા. ૨—૦—૦.

દિવ્યજીવન. વિચારનો પ્રભાવ બતાવી તે દ્વારા મનુષ્યને સુખ શાંતિ, આનંદ, આરોગ્ય અને નવું જીવન આપનાર, તેમજ આંતર જીવનના અનેક અટપટા પ્રશ્નોનો સ્પષ્ટ શબ્દોમાં ખુલાસો આપનાર અપૂર્વ ભોમીઓ. આ ગ્રંથના અઢાર પ્રકરણોનાં નામ વાંચવાથી આ ગ્રંથની ઉપયોગિતા સમજવામાં આવશે. ૧ સુખનો રાજમાર્ગ ૨ શુભમાર્ગમાં પ્રયાણ ૩ ટેવનું પ્રાબલ્ય. ૪ ભય અને ચિંતા ૫ મનુષ્યનું સામર્થ્ય, ૬ આત્મદર્શનો સાંકડો માર્ગ. ૭ ધૈર્ય ૮ સહિષ્ણુતા ૯ કર્મયોગનો વિજય. ૧૦ સર્વ આનંદરૂપ માનો. ૧૧ દુઃખનું રહસ્ય ૧૨ મન અને શરીરની અન્યોઅન્ય અસર. ૧૩ શારીરિક સ્વાસ્થ્યમાં મનનો હિસ્સો. ૧૪ આદર્શ માનસિક દિવસ ૧૫ શુદ્ધવિચાર અને તેની આવશ્યકતા. ૧૬ અંતર અને બાહ્ય જીવન ૧૭ શાંતિ અને ૧૮ પરના આશયની તુલના. ક્રાઉન સોલ પેજી ૧૬૦ પૃષ્ટ. કીંમત ૧૨ આના.

થિયોસોફીનાં મૂળતત્વો. સાદી અને સમજાય તેવી ભાષામાં થિઓસોફીનાં શિક્ષણો જનસમાજ આગળ રજુ કરવાનો આ પ્રયત્ન છે. તેમાં નીચેના બાર વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. થિઓસોફી, પુર્નજન્મ, કર્મનો નિયમ, જીવાત્માનો વિકાસક્રમ, દેહી અને

તેના દેહો, પ્રાણમય કોશ, વાસના શરીર, માનસિક શરીર, ઉચ્ચ શરીરો, મરણ પછીની સ્થિતિ, સ્વર્ગલોક, ભ્રાતૃભાવ–વગેરે કીંમત ૫ આના.

આદર્શ પુરૂષ યાને ગુરૂ મેળવાનો માર્ગ. જેમને આપણે જીવન-મુકતો કહીએ છીએ તેવા મહાત્માઓ આ સમયે પણ વિશ્વમાં વસે છે, અને યોગ્ય અધિકારીઓને પોતાના શિષ્યો તરીકે સ્વીકારે છે. ઉઠો જાગ્રત થાઓ, મહાન ગુરૂઓને શોધી કાઢો અને જ્ઞાન મેળવો એ ઉપનિષદ્‌નું વાકય આજે પણ ખરૂં છે. તેવા ગુરૂઓનું સ્વરૂપ અને તેમની સાથે સંબંધમાં આવવા ઇચ્છનારે કયા ગુણો ખીલવવા જોઇએ, તે વગેરે આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે. પૃષ્ટ. ૧૨૦. કીંમત ૭ આના.

થીઓસોફી લેખમાળા ભાગ ૧ લો. મનન કરવા યોગ્ય થિઓસોફીને લગતા ૧૫ લેખનો આ સંગ્રહ છે, અને તેના લેખકો ડૉ. બેસન્ટ, બીશપ લેડબીટર, મી. અર્નેસ્ટવુડ, સર ઓલિવર લોજ મી. સી. જીનરાજદાસ, મી. એરંડેલ વગેરે છે. તેમાંના મુખ્ય લેખોનાં નામ નીચે પ્રમાણે છે. ઉચ્ચ ભાવનાઓ, નીતિનો પાયો, મરણ પાછળ રડનારને સંબોધન, ચારિત્ર રચના. પ્રાતઃકાળનું ધ્યાન, વિશ્વ-દૃષ્ટિની ખીલવણી, ગતજન્મોની યાદ વગેરે. પૃષ્ઠ ૩૦૦ કીંમત માત્ર રૂ. ૧ પાકું પુઠું કીંમત રૂ. દોઢ.

સંયમ સામ્રાજ્ય. મનુષ્ય વચન ઉપર, ઇન્દ્રિયો ઉપર મન ઉપર અને પોતાની બહારની રીતભાતો ઉપર કાબુ મેળવી પોતાના આત્માની શકિતઓ કેવી રીતે ખીલવી શકે છે, તે આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે. મહત્તા મેળવવાનો માર્ગ આત્મસંયમજ છે. પૃષ્ઠ ૧૨૮. કીંમત ૭ આના.

ભગવદ્‌ગીતા અધ્યયન ડૉ. એની બેસન્ટે ભગવદ્‌ગીતાના ઉપર આપેલાં ચાર વ્યાખ્યાનોનો આનુવાદ છે. તેમાં ઇશ્વરી યોજના, યોગનું સ્વરૂપ તથા તેની પૂર્ણ વ્યાખ્યા આપી કર્મયોગ, જ્ઞાનયોગ,

અને ભક્તિયોગનું વર્ણન મૂળ શ્લોકો લઇને સારી રીતે કરવા આવ્યું છે. 'ભગવદ્‌ગીતાના અભ્યાસીઓને એક અપૂર્વ માર્ગદર્શ થશે, એટલુંજ નહિ પણ ગીતાનાં શિક્ષણો જીવન વ્યવહારમાં કે ઉતારવા તે આ ગ્રન્થના વાંચનથી સારી રીતે સમજાશે. ... બાર આના.

પ્રભુમય જીવન. રાલ્ફ વૉલ્ડોટ્રાઇન નામના ... પ્રસિદ્ધ તત્વચિંતકે લખેલા ગ્રન્થનો સ્વતંત્ર અનુવાદ છે. ... સાથે આપણું ઐક્ય છે, અને પરમાત્મજીવનથી આપણું જીવ... નથી, એનો ખ્યાલ આવવાથી મનુષ્ય કેવી રીતે શાંતિ, શક્તિ, ..., જ્ઞાન, પ્રેમ તથા આંતર પ્રતિભામાં વધે છે, તેનો આબેહુબ ચિતાર આપવામાં આવ્યો છે. અનુભવથી લખાએલું આ પુસ્તક સત્ય સિદ્ધાંતોને અનુભવમાં મુકનારને ઘણું ઉપયોગી નીવડશે. પૃષ્ટ ૧૯૨. કીંમત બાર આના.

શ્રી સીમન્ધર સ્વામીને ખુલા પત્રો. જૈનધર્મમાં એવી માન્યતા છે કે અત્યારે પણ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરો વિચરી રહ્યા છે તેવા એક તીર્થંકર શ્રીસીમન્ધરસ્વામીને હાલની જૈન ધર્મની એને જૈન સમાજની સ્થિતિનું વર્ણન આપતા ૧૧ ખુલ્લા પત્રો લખી તેમ આ ભરતક્ષેત્રમાં આવવા પૂર્ણ ભક્તિ સાથે વિનંતિ કરવામાં આ... છે. ભાષા ભક્તિપૂર્ણ અને હૃદયદ્રાવક છે; અને વાચકને પોતાન દોષો કયા છે, તે બતાવી તેમાથી સુધરવા પ્રેરણા કરે છે. પૃષ્ટ ૧૧૨. કીંમત માત્ર ૪ આના.

શ્રી બુદ્ધ ચરિત્ર—વિશ્વવત્સલ દયામૂર્તિ શ્રી બુદ્ધ મહાત્માનું જીવન ચરિત્ર તેમના સિદ્ધાંતો તથા શિક્ષણો સાથે આ ગ્રન્થમાં આપવામાં આવ્યું છે. દુનિયાની વસ્તીનો ⅓ ભાગ પ્રાતઃકાળમાં ઉઠીને જે મહાત્માના નામનું સ્મરણ કરે છે, તેમનું 'દયા' અને 'આત્મસંયમ' નો ઉમદા પાઠ શિખવનાર જીવનચરિત્ર અતિ રસિક અને બોધપ્રદ શૈલિએ રચવામાં આવ્યું છે. પૂર્વના તેમજ પશ્ચિમના અનેક

ાનોના ગ્રન્થોને આધારે બહુજ કાળજી પૂર્વક લખવામાં આવ્યું . સરકારી તથા ગાયકવાડી કેળવણી ખાતાએ લાયબ્રેરી તથા ઇનામ માટે મંજુર કર્યું છે. ૫૦૦૦ નકલો ખપી ગઇ છે. પાંચમી આવૃતિની મત રૂ. ૦-૧૦-૦.

મુકતો ક **દર્શન**—તત્વવિદ્યાને આધારે આર્યધર્મમાં માન્ય ગણાતા છે, અને તના સિદ્ધાંતોને પ્રતિપાદન કરનાર આ પુસ્તક ગાયકવાડી ઉંચી ખાતાએ લાયબ્રેરી તથા ઇનામ માટે મંજુર કર્યું છે, તથા એ ઉ કેળવણી ખાતાએ પણ પ્રાયમરી સ્કુલોમાં લાયબ્રેરી માટે ... કર્યું છે. તેનું હિંદી ભાષામાં ભાષાંતર થયું છે, અને ટુંક મુદ્દતમાં તેની બે આવૃતિઓ થઇ છે. તેમાં **દાન, શીલ, વૈરાગ્ય, ક્ષમા, વીર્ય, ધ્યાન અને જ્ઞાન** એ સાત સદ્‌ગુણો ઉપર ઉત્તમ રીતે વિવેચન કરવામાં આવ્યું છે કીંમત ૦-૧૨-૦

શ્રદ્ધા એજ જીવન	૦-૪-૦
પ્રભુને નામે	૦-૩-૦
જગદ્‌ગુરૂનું આ આગમન અને તૈયારી	૦-૨-૦
પા[illegible]ગુરૂનું આગમન	૦-૧-૦
દીના તારાનું મંડળ	૦-૧-૦
રૂ.તિનું સ્થળ	૦-૧-૦
થીઓસોફી સંબંધી બે બોલ	૦-૧-૦
મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં	૦-૧-૦
યોગ માર્ગનો ભોમીઓ	૦-૧-૦
ચારિત્ર રચના	૦-૧-૬
થિઓસોફી અને કેળવણી	૦-૨-૦
દૈનિક ધ્યાનનાં સૂત્રો	૦-૬-૦
તારક સંદેશ	૦-૩-૦
શિક્ષા વિના શિક્ષણ	૦-૨-૦
ગૃહજીવનની અસર અથવા પ્રેમ દ્વારા શિક્ષણ	૦-૪-૦
બાળ રક્ષણ તથા બાળ શિક્ષણ	૦-૨-૦
માત પિતાનું કર્તવ્ય	૦-૨-૦
(વિશ્વનું પરમતત્વ) પ્રેમ	૦-૨-૦
મુક્તિનું રહસ્ય	૦-૩-૦
ઉચ્ચ જીવનના નિયમો	૦-૮-૦

મળવાનું ઠેકાણું-**કર્ત્તા પાસેથી**-રતનપોળ-**અમદાવાદ**